સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

સૌ સ્વાર્થ માટે જ લૂછણીયે પગ લુછે છે,
બાકી અહીં; સ્નેહભાવે, કોણ કોને પૂછે છે?
પૂજે છે ભગવાનને પણ માંગણી માટે -
મળી જાય સત્તા - પદ પછી હાથ મૂછે છે.

હાઈકુ

વૃદ્ધાવસ્થામાં
શરીરનો સર્વને
ભાર લાગે છે.

નિયમીતતા
જીવનરીતી પણ
બને છે બોજ

ચિંતન

વિતં બંધુર્વયઃ કર્મ વિદ્યા ભવતિ પંચમી ।
એતાનિ માન્ય સ્થાનાનિ ગરીયો યદ્યુદુત્તરમ્ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂક્ષ્મમાંથી લેવામાં આવેલ છે.

ધન, ભાઈ-ભાંડુ (કુટુંબીજનો) ઉંમર, કાર્ય અને વિદ્યા આ પાંચ સ્થાનો ને માન આદરને પાત્ર ગણવામાં આવ્યા છે. જે વ્યક્તિ સમૃદ્ધ અને સંપત્તિવાન હોય, વિશાળ પરિવાર હોય, જે મોટી જૈફ ઉંમરના હોય, જેના કાર્યો ઉત્તમ હોય, સેવાભાવથી છલકાતાં હોય, અને જે વિદ્યાવાન હોય એ માન-સન્માન અને આદરને પાત્ર છે.

આ બધામાં પણ કમસર આદ મળે છે. ઉત્તરોત્તર વધે છે. જેમ કે ધનવાન હોય તેને આદર તો પણ ધનવાનની સાથે વિનાશ પરિવાર કુટુંબ કબીલો ધરાવનારને વિશેષ આદર મળે છે. વિશાળ પરિવારમાં પણ જેની ઉંમર જૈફ હોય એટલે વડીલ વયોવૃદ્ધને વિશેષ આદર મળે છે. આવા વડીલ સેવાભાવ-દાનપુણ્ય અને સતકર્મ કરનારા હોય તો વળી આદરની માત્રા વધી જાય છે. આવા વડીલ સત્કાર્યો કરનારા સાથે સાથે જો વિદ્યાવાન હોય તો વિદ્વતા ને કારણે પૂજનીય અને સન્માનીય બને છે.

આમ ધનવાન, વિશાળ પરિવાર ધરાવનાર, વયસ્ક અને કર્મશીલ તથા વિદ્યાવાન આ ક્રમમાં વિદ્યાવાન સૌથી વધુ શ્રેષ્ઠ અને આદરણીય છે.

સુવિચાર

- આવતીકાલને આજથી પ્રકાશિત કરો - **ઈલીઝાબેથ બ્રાઉનીંગ**
- આશા એવી વસ્તુ છે કે જે આપણી કાર્યશક્તિઓને જાગૃત કરીને બે-ત્રણ ગણી વધારી દે છે - **સ્વેટ માર્ડન**
- આસક્તિ, વળગણ, માલિકીભાવ હીરા જેવા અનમોલ જીવનને કોડી જેવું બનાવી દે છે - **કબીર**
- જે લોકો આપણા પર ભરોસો કરે છે તેમના માટે કોઈ પૂરાવાની જરૂર નથી. જે લોકોને આપણા પર ભરોસો નથી તેમના માટે કોઈ પુરાવો પુરતો નથી - **અનપુમ ખેર**
- જરૂરી સુધારાને પણ જો અતિમાત્રાએ લઈ જવામાં આવે તો એ સુધારાને જ સુધારવાની જરૂર ઊભી થઈ છે - **રોબર્ડ કોનાર્ડ**
- મારી કલમ આખી દુનિયા સાંભળે તેવો ચિત્કાર કરી શકે છે - **લોંગ ફેલો**
- આજનું ઔષધ : નવશેકા પાણીમાં લસણનો રસ નાખી કોગળા કરવાથી અવાજ ખુલી જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગાંધી બાપુ નોઆખલીના હિંદુ અને મુસ્લિમભાઈઓ વચ્ચે સુલેહ-શાંતિ સ્થાપવાના પ્રયત્ન કરી રહ્યા હતા. ત્યારનો પ્રસંગ બાપુને બંગાળના મુખ્ય પ્રધાન, સુહરાવર્દીલ અવારનવાર મળવા આવ્યા. બાપુનો સુહરાવર્દીળ પર પૂરો વિશ્વાસ હતા જયારે એમના સાથીઓને એમ થતું કે તે બાપુને અવળે માર્ગે દોરે છે. એક દિવસ બાપુને મનુબહેન ગાંધી કહેવા લાગ્યા. 'બાપુ, આ સુહરા વર્દીળ કંઈ સુધરવાના નથી. એનો કાગળ તો જુઓ, અને આપ એમને કેટલી નમ્રતાભર્યા કાગળ લખો છો!' મનુબહેનની આ વાતમાં બાપુને અવિનય દેખાતા. એટલે એમને બાપુએ શિક્ષક તરીકે સવાલ પૂછ્યો. 'સુહરાવર્દી કોણ છે?' મનુબહેન કહે : 'બંગાળના મુખ્ય પ્રધાન' બાપુએ બીજો પ્રશ્ન પૂછ્યો, 'તારાથી કેટલા મોટા છે?' મનુબહેન કહે, મારા બાપા જેટલી મોટી ઉંમરના છે. એટલે બાપુ બોલ્યા, 'તો પછી તારાથી તેમને તુંકારે કેમ સંબોધાય? એક તો તારાથી તેઓ ઉંમરમાં મોટા છે. અને તેઓ એક મોટા પ્રાંતના પંતપ્રધાન છે. તારે સુહરાવર્દી સાહેબ અથવા સુહરાવર્દીભાઈ કહેવું જોઈએ.' બાપુએ કહ્યું, 'ભાષામાં અવિવેક આવે તેને પણ હું તો હિંસા જ કહું છું. આપણે અંગ્રેજોની સારી ટેવો અપનાવવી જોઈએ.' જેમ કે તેઓ નાનામાં નાના નોકરપાસે કંઈ માંગશે પ્લીઝ શબ્દ કહે છે અને થેંક્યુ કહ્યા વગર ન રહે, જયાં સુધી આપણાં બાળકોને પણ ઘર અને શાળાઓમાં વિવેક મય ભાષા શીખવવામાં નહીં આવે ત્યાં સુધી આપણો દેશ કોઈ રીતે ઊંચો નહીં આવે...' મનુબહેનને બાપુ તરફથી ભાષા અને વિવેક પર એક પાઠ ભણવા મળ્યો.

'ધર્મ'નો વોટબેંક તરીકે દુરુપયોગ

તંત્રીસ્થાનેથી...

ઉત્તરપ્રદેશની પોલીસે ધર્મપરિવર્તન કરાવનારી ગેંગને પકડી છે. પાકિસ્તાનની કુખ્યાત જાસૂસી એજન્સી આઈએસઆઈ દ્વારા ફંડ અપાતું હોવાનો એકરાર પણ થયો છે. વળી એ મૌલાનાઓ પૈકીનો એક તો હિંદુમાંથી ધર્માંતરિત થયેલો 'ગૌતમ' છે. જેણે એના મુસ્લિમ નામ પાછળ એ જ નામને ચીપકાવી રાખ્યું છે. ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી આવી રહેલ હોઈ હિંદુત્વનું કાર્ડ વધુ મજબૂત બનાવવા યોગી સરકાર આવા ઘણા મૌલાનાઓને પકડશે; કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી કાગારોળ કરતી રહેશે. ધર્મ પરિવર્તન દુનિયાનો જૂનો અને જાણીતો રોગ છે. ફક્ત હિંદુ ધર્મ જ એક માત્ર એવો ધર્મ છે જે આવાં ધર્માન્તરણો નથી કરાવતો. જો કે આર્યસમાજે આવી પ્રવૃત્તિને જરૂર પ્રોત્સાહન આપ્યું હતું અને સ્વામી સત્યપતિ જેવા વિદ્વાન આર્યસમાજી ધર્માધ્યક્ષ મૂળે મુસલમાન હતા. પરંતુ આ તો અપવાદરૂપ કેસ છે. હિંદુઓ એટલા રૂઢિચુસ્ત છે કે ખુદ પોતાના જ વર્તુળમાં વર્ણાશ્રમમાં પેટાવર્તુળો દોરીનો અંદરોઅંદર આભડછેટ રાખતા રહ્યા છે. સ્વામી સચ્ચિદાનંદને એટલા માટે તો ચોપડી લખવી પડી હતી : 'આ છેલ્લી ટ્રેન છે.' એમણે દંતાલી આશ્રમના મંદિરમાં પૂજારી તરીકે દલિતની નિમણૂક કરીને એક ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું હતું. ધર્મપરિવર્તન કરવું એ નાગરિકનો અંગત પ્રશ્ન છે અને જો એ સ્વેચ્છાએ ધર્મપરિવર્તન કરવા માગે તો સરકાર એને રોકી શકતી નથી. એ એનો બંધારણીય અધિકાર છે. જાણીતા ફિલ્મ સંગીતકાર એ.આર. રહેમાન મૂળે હિંદ છે. એને ઈસ્લામમાં આસ્થા બેઠી અને એણે એ સ્વીકાર્યો તો કોઈએ કસો વાંધો લીધો નહોતો. પરંતુ કુત્સિત ઉદ્દેસોથી કરાવાતું ધર્મપરિવર્તન સમાજના તાણાવાણા પીંખી નાખે છે. ખાસ કરીને છેલ્લા કેટલાક દાયદાઓ દરમિયાન શહેરોમાં 'લવજેહાદ' જેવા બિહામણા કાર્યક્રમ અન્વયે થતાં નિર્દોષ યુવતીઓનાં ધર્માંતરણ સમાજ અને સરકાર બેઉ માટે ચિંતાનો વિષય બની રહેલ છે. એથી ધર્માંતરણ સામે સરકારે લાલબત્તી ધરવી પડી છે અને અગાઉના કાયદાઓને વધારે ચુસ્ત બનાવવા પડ્યા છે. એમાં અલબત્ત, સાંપ્રદાયક રાજકારણનું તત્ત્વ પણ જરૂર ભાગ ભજવતું લાગે છે. પરંતુ જે રીતની છેતરપીંડી અને એ પછી હિંદુ મહિલા સાથે બળજબરી પૂર્વ ધર્મપરિવર્તન કરાવી ટોર્ચરિંગ કરાય છે. તેની સામે આવો કાનૂન જરૂરી હતો એમ જ લાગે. ખરેખર તો ધર્મ માનવીના અંગત જીવનમાં આડખીલી રૂપ ન જ બનવો જોઈએ. પરંતુ ખુદ આપણું બંધારણ 'હિંદુ મેરેજ એક્ટ' બનાવી શરૂથી જ ધર્મ આધારિત લગ્ન વ્યવસ્થાનું સમર્થન કરતું રહ્યું છે. આથી સ્વાભાવિક રીતે જ બહુમતી સમાજ લઘુમતીને અપાતી વિશિષ્ટ સવલત સામે પ્રશ્નો ઉઠાવતો રહ્યો છે અને કોમન સિવિલ કોડની માગણી કરતો રહ્યો છે. ધર્મના નામે પ્રજામાં વિભાજન કરવાની પ્રવૃત્તિ અટકવી જોઈએ. ઈસ્લામ અને ખ્રિસ્તી જેવા ધર્મોને હિંદુસ્તાનમાં વિકસવાની તક મળી તે અહીંની પ્રજાની ઉદારતા ગણાવી જોઈએ. જો કો શાસકોએ ક્યારેક તલવારના જોરો તો ધર્માચાર્યોએ રોટી કપડા મકાનની લાલચ આપીને એને સવિશેષ કચડાયેલા સમાજને આભડછેટથી મુક્ત કરી સમાન સ્તરે અપનાવીને ધર્મપરિવર્તનને અંજામ આપેલ છે. ભારતમાં પંચાણું ટકાથી વધારે મુસલમાનોનું મૂળ ગોત્ર હિંદુ છે. ખ્રિસ્તીઓ પૈકી તો ૯૯ ટકા હિંદુઓની દલિતશોષિત જાતિઓ અને આદિવાસીઓમાંથી કન્વર્ટ થયેલ છે. કોંગ્રેસમાં પણ ધર્માંતરણ પ્રવૃત્તિ પ્રત્યે સૂગ તો હતી જ. પરંતુ ધર્માંતરણ કરનાર અને કરાવનાર વર્ગો કોંગ્રેસની વોટબેંકમાં ફેરવાઈ ગયેલ હોઈ સીધો વિરોધ નહોતો થતો. ભારતીય જનતા પાર્ટી તો હિંદુત્વને વરેલો પક્ષ છે. એને આ મુદ્દો રાજકીય લાભ અપાવનારો નીવડ્યો છે. એટલે ધર્માંતરણના કડક કાયદા બનાવીને અને 'લવજેહાદ' ના કિસ્સા બહાર લાવીને એ હિંદુ વોટ બેંકને વધુ મજબૂત કરવા મથે એ સ્વાભાવિક છે. કેવી વિડંબના છે કે યોગ દરમિયાન 'ૐ' ના ઉચ્ચારણ સામે પણ અભિષેક મનુ સિંઘવી જેવા કોંગ્રેસની 'થિંક ટેન્ક' ગણાતા વરિષ્ઠ ધારાશાસ્ત્રીને વાંધો પડે છે! એમના પિતા લક્ષ્મીમલ્લ સિંઘવી હિંદુત્વવાદી વિચારસરણી ધરાવતા હતા એટલે જ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનતાં બનતાં છેલ્લી ઘડીએ રેસમાંથી બહાર થઈ ગયા હતા. એવું જ કાશ્મીરના ભૂતપૂર્વ રાજવી ડૉ. કર્ણસિંહની બાબતમાં બન્યું હતું. હજી કોંગ્રેસ મુસલમાનોને ખુશ રાખવા કાશ્મીરમાં ૩૭૦મી કલમને પુનઃસ્થાપિત કરવાનાં નિવેદનો ઝીંકયો રાખે છે. દિગ્વિજયસિંહથી લી સૂરજેવાલા સુધીના નેતાઓ આવાં નિવેદનો આપી ચૂક્યા છે ધર્મના નામે રાજકારણ કરતા હોવાનો આક્ષેપ ભાજપત તો સામી છાતીએ અને હસતા મોઢે સ્વીકારે છે. કોંગ્રેસ પણ એ જ કરે છે અને પાછી 'બિનસાંપ્રદાયિક' હોવાનું ડિમડિમ વગાડે છે!

દુઃખનું મૂળ કારણ વસ્તુ પ્રત્યેનો મોહ છે

નવાં કલેવર
નટવર હેડાઉ

આ ઝમકુની વાત છે.

ઝમકુ રીસાઈને બેઠી હતી.

શું થયું ? કેમ આમ મોઢું ચડાવીને બેઠી છો? તેના પતિ ઝવેરીલાલે પૂછ્યું.

'જવા દો, તમારાથી કાંઈ નહીં થાય.' ઝમકુ મોં મચકોડી બોલી.

'પણ વાત શું છે તે તું કહે તો કંઈ સમજ પડે ને' તેના પતિ એ તેને મનાવવાની કોશિષ કરતાં કહ્યું.

'આપણી સોસાયટીમાં આવતાં જતાં તમે નજર કરી છે. આડોશપાડોશની કેટલી બધી સ્ત્રીઓ બંગડીઓ અને બ્રેસલેટ લીધો છે. તમે આટલા વરસથી વેપાર ધંધો કરો છો. મારી પાસે નવી ડિઝાઈનની બંગડીઓ પણ નથી પણ તમને મારી કંઈ પડી હોય તો ને !'

'અરે ! ના.... ના.... ઝમકુ એવું કંઈ નથી. આ તો પૈસા ખરચીને સોનું બરાબર ન આવે તો?' ઝવેરીલાલ બોલ્યા.

'જવા દો, તમને જાણે કે કંઈ ખબર જ ન હોય એવી વાત કરો છો. સરકારે હવે તો સોનાના દાગીના પર શુદ્ધ હોવા માટે હોલ માર્ક ફરજીયાત કર્યો છે. હવે તમારું કોઈ બહાનું નહીં ચાલે.' ઝમકુ બોલી.

'સારું.... સારું... આજે જ લઈ આવું તો.'

ઝવેરીલાલ વાત સાંભળી ઝમકુ રાજી રાજી થઈ ગઈ. તેણે બગસરાની બંગડીઓ મિત્રને ત્યાંથી બસો-ત્રણસોની બંગડીઓ લીધી. દેખાવે સોનાની બંગડીઓ ને પણ ટક્કર મારે એવી હતી.

સાંજે દુકાનેથી ઘેર આવી પત્નીને બંગડીઓ આપતાં તે ખુશ થઈ ગઈ. 'કેટલાની આવી' તેના પ્રશ્નના જવાબમાં ઝવેરીલાલ હસીને બોલ્યા, 'પ્રેમમાં કિંમત ન પુછાય.' ઝમકુ આગળ કંઈ બોલી નહીં. તેણે બંગડીઓ પહેરીને ખુશ થતી ખણખણાવવા લાગી. ઝવેરીલાલ પછી આ જોઈ પ્રસન્ન થયા.

એક દિવસ ઝમકુ તેની બહેનપણીઓ સાથે નદીએ ન્હાવા ગઈ. બધી સખીઓ મજાક મસ્તી કરતાં ન્હાવા લાગી. તેની બહેનપણીઓ બંગડીના વખાણ કરતાં તેણે બંગડીઓ કાઢી બતાવવા માંડી.

થાડીવાર બધાએ જોઈ લીધા પછી તેણે તે બંગડીઓ કપડાં મુક્યા હતા ત્યાં મુકી ફરી બધી સખીઓ ન્હાવામાં મશગુલ બની ગઈ. તે દરમિયાન બુમાબુમ થઈ. વરસાદના કારણે ઉપરવાસમાં પાણી છોડવામાં આવ્યું હોવાથી નદીમાં પાણી આવી રહ્યું છે ભાગો ભાગોના અવાજો આવતાં તેણે કપડા લઈ કિનારાથી દૂર આવી ગઈ.

નદીમાં ઉછાળામારતું પાણી આવ્યું. લોકો બધા સહિસલામત જગ્યાએ પહોંચી ગયા હતા. અચાનક ઝમકુને બંગડીઓની યાદ આવતાં તેણે કપડામાં ફેંદી જોયાં બંગડીઓ ક્યાંક પડી ગઈ હતી. 'હવે શું થાય?' નદીમાં પાણીનો પ્રવાહ ધસમસતો આવી જતાં જોયા જઈ શકાય તેમ ન હતું. ઝમકુ નિરાશ થઈ ગઈ. તેની આંખોમાં આંસુ આવી ગયા. પોતે કરેલી જીદને કારણે પતિએ પ્રેમથી મહામુલી બંગડીઓ લાવી આપેલી હતી. તે ખોઈ બેઠી. તેણે ખાવાનું પણ બનાવ્યું નહીં. ઘરમાં લાઈટ ચાલુ કર્યા વિના અંધારામાં બેસી રહી. તેનો પતિ ઝવેરીલાલ આવતાં તેણે આખી ઘટના તેને કહી રડવા લાગી. પચાસ સાઈઠ હજારની બંગડીઓ જતી રહી હવે શું કરીશું.

પતિએ કહ્યું, કંઈ વાંધો નહીં જે થવાનું હતું તે થઈ ગયું. દુઃખનું મૂળ કારણ વસ્તુ પ્રત્યેનો મોહ છે, જવા દે

તે જાણતો હતો કે બંગડીઓ બસો-ત્રણસો રુપિયાની જ હતી.

સકારાત્મક અભિગમ થકી જ વ્યકિતમાં ઉર્જા ઉત્પન્ન થતી હોય છે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

(વિચારબીજઃ શ્રીમતી ખ્યાતિ ભટ્ટ, યુ.એસ.એ.)

(ગતાંકથી ચાલુ)

આપણે સૌ મંદિર, મસ્જીદ, ગુરુદ્વારા કે ચર્ચ જેવા દેવસ્થાને દર્શનાર્થે વારંવાર જતાં જ હોઈએ છીએ. ત્યાં જઈએ છીએ ત્યારે ભગવાનની પ્રતિમા સમક્ષ, એ જગ્યા ઉપર કે ગુરુગ્રંથ સાહિબ સમક્ષ આપણને એક અલૌકિક અનુભૂતિ થતી હોય છે, એક દિવ્ય શકિતનો અહેસાસ થતો હોય છે. આપણે સૌ ગીત-સંગીતનું શ્રવણ કરતાં જ હોઈએ છીએ. આપણને ગમતાં ગીત-સંગીત સાંભળીએ છીએ ત્યારે આપણું મન પ્રફુલ્લિત થઈ જતું હોય છે અને સંગીત સાથે આપણે તન્મયતા સાધી લેતા હોઈએ છીએ. આપણે ઘણીવાર દિલથી મંત્રોચ્ચાર કરતાં હોઈએ છીએ અથવા હોમ-હવન સમયે મંત્રોચ્ચારનું શ્રવણ કરતાં હોઈએ છીએ. સાચી રીતે અને યોગ્ય રીતે ઉચ્ચારીત થતાં મંત્રો થકી આપણી અંદર એક ઉર્જા સંચારિત થતી હોય છે અને તેના થકી કેટલીક શારીરિક બીમારીઓમાં પણ રાહત થવાનાં ઘણાં પુરાવાઓ છે.

આમ દેવસ્થાનની પ્રતિમામાં, સંગીતનાં સ્વર, સૂર, તાલ અને લયમાં, મંત્રો અને મંત્રોચ્ચારમાં એક પ્રકારની શકિત હોય છે. તેમાંથી હકારાત્મક સ્પંદનો ઉત્પન્ન થતાં હોય છે જેના કારણે તેના સંસર્ગમાં આવનાર વ્યકિતને એક સુખદ અનુભૂતિ થતી હોય છે, એક દિવ્ય ચેતનાનો સંચાર થતો હોય છે.

આ પ્રકારની શકિત જો શબ્દોથી રચાયેલા મંત્રોમાં હોય, સૂર, તાલમાંથી સર્જાયેલા સંગીતમાં હોય, પ્રાણ-પ્રતિષ્ઠીત કરેલી પથ્થરની મુર્તિમાં હોય તો પંચમહાભૂતથી બનેલા આ માનવદેહમાં, એક ચેતનમાં, એક વ્યકિતમાં સર્જાતા હકારાત્મક સ્પંદનો કેટલાક શકિતશાળી હોય તેની કદાચ આપણને કલ્પના નથી હોતી. આ શકિત, આ ઉર્જા વ્યક્તિના સકારાત્મક અભિગમ થકી જ ઉત્પન્ન થતી હોય છે.

વ્યકિતનાં મનમાં ઉભરતા સકારાત્મક વિચારો, સકારાત્મક લાગણીઓ થકી તેનાં મન અને શરીરમાં અમુક પ્રકારનાં તરંગો સર્જાતા હોય છે. એ તરંગો માત્ર એ વ્યકિતને જ નહિ, તેનાં સંપર્કમાં આવતી વ્યકિતઓને પણ ઝંકૃત કરતાં હોય છે અને તેની સકારાત્મક અસરો થતી હોય છે.

વ્યકિતની અંદર ઉત્પન્ન થતી સકારાત્મકતા એક પૂંજી જેવી હોય છે, એક સંપતિ જેવી હોય છે, એક મૂડી જેવી હોય છે. એ સંપતિ એવી હોય છે જે વ્યકિત વેચી શક્તિ નથી પણ વહેંચી શકે છે. હકારાત્મક અભિગમ દ્વારા જીવનનો જંગ પણ જીતી શકાય છે અને કોઈના સંગ પણ જીતી શકાય છે. આપણે આપણાં અભિગમનું કાળજીથી જતન કરવું પડે કારણકે તે બહુ નાજુક હોય છે. જીવનમાં સકારાત્મક અભિગમનું આપણાં ગઠન કરવામાં ઘણા વર્ષો લાગી જતાં હોય છે પણ તેને બદલતા કદાચ એકાદ ક્ષણ જ લાગતી હોય છે. ક્યારેક જો બેધ્યાન કે બેદરકાર રહીએ તો ક્ષણવારમાં સકારાત્મક અભિગમ પોતાનો રસ્તો બદલીને ખોટા રાહે જઈ ચડતો હોય છે. આપનો અભિગમનો એકવાર રસ્તો બદલાય પછી મૂળ રસ્તે આવવું ખૂબ જ મુશ્કેલ બની જતું હોય છે.

માનવીય સંબંધોમાં આપણાં હકારાત્મક અભિગમનાં આધારે જ આપણી સાચી પ્રતિષ્ઠા, ખ્યાતિ, નામના, મોભો કે આબરૂ બાંધતા હોય છે. આપણી પ્રતિષ્ઠા, ખ્યાતિ, નામના, મોભો કે આબરૂ કે એવું કોઈપણ નામ આપીએ પણ તેનો મૂલાધાર તો આપણો હકારાત્મક અભિગમ જ રહેતો હોય છે.

આપણાં સ્નેહી સંબંધીઓ કે મિત્રો સાથેના આપણાં કોઈપણ પ્રકારના વ્યવહાર હોય, તે આર્થિક વ્યવહારો હોય, સામાજીક વ્યવહારો હોય, કે કૌટુંબિક વ્યવહારો હોય, દરેક પ્રકારના વ્યવહારમાં આપણો હકારાત્મક અભિગમ જ વધારે અસરકારક નિવડતો હોય છે. તેના થકી સંબંધો સચવાતા હોય છે અને વધારે દ્રઢ બનતા હોય છે.

ક્યારેક કદાચ એવું બને કે આપણાં હકારાત્મક અભિગમ થકી આપણાં સંબંધો ન સચવાય કે દ્રઢ પણ ન બને પણ આપણે આપણાં સ્નેહીજન પ્રત્યેના આર્થિક, સામાજિક કે કૌટુંબિક વ્યવહારોમાં આપણે દાખવેલા હકારત્મકતા અભિગમને એ સ્નેહી હંમેશા યાદ રાખશે. આપણાં એ અભિગમ થકી સ્નેહી પોતાનાં મનમાં આપણાં વિષે એક સારી છાપ લઈને જશે. આપના અભિગમ થકી ઉત્પન્ન થતી આપણી એક આભા તેમના મનમાં હંમેશ માટે અંકિત થઈ જશે.

આપણો એ અભિગમ જ તેમનાં જીવનનું એક સંભારણું બની જશે અને સાથેસાથે આપણાં જીવનનું પણ. આપણો હકારાત્મક અભિગમ આપણી આસપાસ એક દિવ્ય ''ઓરા'' નું સર્જન કરે છે કરતો હોય છે જેનાથી લોકો પ્રભાવિત થતાં હોય છે, અંજાઈ જતાં હોય છે, આપણાં પ્રશંશક બની જતાં હોય છે, આપણાં પૂજક બની જતાં હોય છે.

આપણો અભિગમ કેવો રાખવો એ આપની પોતાની પસંદગી છે.

ઘોળી ઘોળી કેરી ચૂસી રંગીલા હો ઘોળી ઘોળીને રસ ચૂસ્યો

મનના ઉમંગો
રણછોડ પરમાર

રવિવારના ગાંધીનગર સમાચારમાં શ્રી અજયભાઈ ઉપાધ્યાયે કેરીઓ વિશે એવો રસભર્યો લેખ લખ્યો છે કે એ વાંચીને મારા મગજમાં પણ કેરીની અનેક રસભરી વાતો ઘોળ્યા વગર જ ઉભરાઈને બહાર આવવા માંડી છે. કંઈ કેટલા ગામની કેરીઓ ખાધી હશે અને કંઈ કેટલી જાતની કેરીઓ ખાધી હશે એની વાતો અત્યારે યાદ કરું છું તો ખાધા વગર પણ આમ્રરસના ઓડકાર આવી જાય છે. ચાલો તમને પણ મારી કેરીઓ વિશેની યાદો સંભળાવું, તે સાંભળીને તમારી કેરીઓની યાદગીરીઓ પણ જાગી ઊઠશે.

હું નાનો હતો ત્યારે દરેક દિવાળી અને ઉનાળાની રજાઓમાં મારી બહેનના ગામ જતો રહેતો. ઉનાળામાં જઉં ત્યારે એક દિવસ અમારા મામાના ગામ જવાનો કાર્યક્રમ અચૂક ગોઠવાતો. મારી બહેનના ગામથી મારા મામાનું ગામ બહુ છેટું નહીં. બસમાં જવું હોય તો પહેલાં નડીયાદ જવું પડે. પછી નડીયાદથી ઉતરસંડા જવું પડે. (હા, પાપડ-મઠિયાં માટે પ્રખ્યાત છે તે જ ઉતરસંડા !) વચ્ચેના રસ્તે જઈએ તો બરાબર યાદ નથી પણ દસેક કિલોમીટરનું અંતર હશે. અમે વહેલી સવારમાં ચાપાણી પતાવી ચાલતાં નીકળી પડતાં. હું અને મારી બે બહેનો હોય, સાથે મારી ભાણીઓ હોય. ઉનાળામાં તાપ લાગે ત્યારે મારી બહેન માથે રુમાલ બંધાવી દેતી. અમે મોંસાળ પહોંચીએ એટલે મામામામી ખુશ ખુશ થઈ જાય. કેરીઓ ખાવા જ આવ્યા છે એમ એ જાણી જાય અને સીધો કેરીઓનો ઓરડો જ બતાવી દે. મામાના ગામમાં આંબાનો પાર નહીં. બધા દેશી આંબા. એ વખતે કોઈએ કેસર કેરી કે હાફૂસ કેરીનું નામ પણ સાંભળેલું નહીં. પણ આ દેસી કેરીની મીઠાશ એવી કે અમૃતનો પણ સ્વાદ ભૂલી જઈએ.

મારા મામા એક સારો મીઠો હોય એવો આંબો ખાસ મહેમાનો માટે જ અનામત રાખી મૂકતા. ઘરની બાજુના ઓરડામા એ કેરીઓનો દાબો નાખવામાં આવતો. જેમ જેમ કેરીઓ પાકે તેમ તેમ ખવાતી જાય. અમે જેવા એમના ઘેર પહોંચીએ કે તરત પહેલાં તો ધરાઈને કેરીઓ ખાતા. પણ ખરી વાત એ છે કેરીઓ કદી ધરાઈને ખાઈ શકાતી નથી. એટલે જેવા અમે ધરાઈને કેરીઓ ખાઈને બહાર ખેતરમાં આંટો મારવા જતા અને કોઈ આંબા પરથી ટપ દઈને શાખ પડે તો દોડીને ઉઠાવી લેતા. ચડ્ડીએ કેરીની ધૂળ લૂછીને તરત ઘોળવા માંડતા. થોડીક ઘોળી મોઢે લગાડી દેતા. વાહ ! આંબા પરથી પડેલી શાખનો તો સ્વાદ જ અનેરો. એ તો જેણે શાખ ખાધી હોય તેને જ ખબર પડે. અત્યારના બાળકોને કદાચ ઘોળી ઘોળીને કેરી ચૂસતા ના પણ આવડે. એની પણ એક પધ્ધતિ છે. પહેલાં નીચેથી કેરીને ગોળ ગોળ દબાવીને ફેરવતા જવાની, ધીમે ધીમે ઉપર જવાનું. ડીંટા આગળ શીલ નીકળે પછી ડીટું તોડી થોડોક શીલ કાઢી કાઢવો પડે. નહીંતર એનાથી જીભ ચચળી જાય. શીલ નીકળી જાય પછી ધીમે ધીમે કેરી ચૂસવાની શરુ કરવાની. ગરમ ચાની ચૂસકી અથવા ઠંડા વાઈનની ચૂસકી કરતાં આ સમશીતોષ્ણ કેરીની ચૂસકી અદ્ભુત ગણાવી જોઈએ. કારણકે ચૂસવું શબ્દ ઉપરથી જ ચૂસકી શબ્દ બન્યો છે અને ચા કે શરાબ પીવાની પ્રક્રિયામાં ચૂસવાની વાત તો આવતી જ નથી. એ બંને પીવાની વસ છે. ખરેખરી ચૂમવાની , માફ કરજો ચૂસવાની ઘટના તો ફક્ત કેરીનો રસ માણવામાં જ આવે છે.

એ સમયે એક ઉખાણું પણ અમે પૂછતા, આંબાલાલની દીકરીને બધાય ચૂમે. એ શું ? બધા એક અવાજે જવાબ આપતા, ''કેરી.''

જેમ જેમ કેરી ઘોળાતી જાય અને રસ ઉપરના મોઢામાં આવીને આપણા ઉદર ભણી પ્રયાણ કરતો જાય તેમ તેમ કેરીની કાય સંકોચાતી જાય અને તેનું મુખ ઉઘડતું જાય. જ્યારે આપણને લાગે કે હવે વધારે રસ ચૂસી શકાય તેમ નથી ત્યારે નીચેથી ગોટલો દબાવીને બહાર કાઢવામાં આવે છે. પછી ચારે બાજુથી ગોટલો ચૂસાવા માંડે છે. ઘણાને ગોટલા છોડિયા ચૂસવાનું ઝાઝું ગમતું નહોતું તેઓ બેચાર બચકાં ભરીને ગોટલો ફેંકી દેતા. પણ ઘણા લોકો તો ગોટલાને ચૂસી ચૂસીને ધોળોધફ બનાવ્યા વગર છોડતા નહીં. ઘણા તો છોડિયાનોય દમ કાઢી નાખતા. કેરી પાકવાની સીઝન હોય અને એક પછી શાખ પડતી હોય ત્યારે અમે ગોટલા પર રહેમ કરી એકબે વાર ચૂસીને ત્યાગી દેતા.

આ તો થઈ અમારા બાળપણની વાત, પણ મોટા થઈને એકવાર અમે ગિર ગયેલા. ગિર એટલે કેસર કેરીનું પિયર. ત્યાં યજમાનોના ઘેર અમે ભરપેટ કેસર કેરીઓ ખાધેલી. એક દિવસ એક આશ્રમમાં ગયા. આશ્રમના બાપુ આખો દિવસ જય ''મહાદેવ,'' ''મહાદેવ'' એવા જોર જોરથી નાદ પોકાર્યા કરતા. ત્યાં નદીના કાંઠે શંકર ભગવાનનું મંદિર હતું. નીચેની ભેખડ પર થોડી સમતળ જગ્યા હતી. એમાં બાપુએ આંબા રોપેલા. એમાં મબલખ કેરીઓ આવેલી. હું મહાદેવજીના દર્શન કરી આંબાના ઝાડ નીચે ગયો. બેત્રણ શાખ જાણે મારી જ વાટ જોઈને પડી હતી. બાજુના આંબાએ પણ બેત્રણ પાકી કેરીઓ ખેરવેલી. એના પાડોશીએ પણ આ જ કામ કરેલું. હું તો પાંચસાત કેરીઓ ઊંચકીને ઉપર આવ્યો. આશ્રમની બહાર એક ચોકડી હતી.પાણીનો નળ બેસાડેલો. ત્યાં એક ડોલ પડેલી. એ લઈ હું નીચે ગયો અને લગભગ અડધી ડોલ ભરીને કેરીઓ લઈ આવ્યો. પાણીથી ધોઈને આમ્રચુંબન શરુ કર્યાં. એક પછી એક ચાર આમ્રપુત્રીઓની અધરપ્યાસ બુઝાવી. મારી અર્ધાંગના આ ખેલ ક્યારની જોઇ રહી હતી. એ એકદમ બરાડી. ''પેલા મેહુલકુમારની કાલે કેરીઓ ખાવાથી કેવી દશા થયેલી એ ખબર છે ને ? તમારે એવી હાલત કરવી છે ? '' મને ગઈ રાતની મેહુલકુમારની દુર્દશા યાદ આવી ગઈ. મેં હાથમાં લીધેલી પાંચમી કેરી નીચે મૂકી દીધી. છોકરાઓને કહ્યું, ''આ બહુ મસ્ત કેરીઓ છે જેને ખાવી હોય તે આવી જાવ. '' બીજા કોઈએ એ કેરીઓ ખાધેલી કે નહીં તે યાદ નથી. પણ એ કેરીઓ ખાતાં જે અવર્ણનીય આનંદ મને પ્રાપ્ત થયેલો એ પૂરેપૂરો યાદ છે.

'રિયાલિટી શૉ'ના દર્શકો મૂર્ખ હોય છે?

મન-રંજન
દ્વનિલ પારેખ

ટી.વી.ને ભલે 'ઈડિયટ બોક્સ'ની ઉપમા આપવામાં આવી હોય પણ આજેય મનોરંજનની દુનિયામાં એ અગ્રસ્થાને છે એની ના પાડી શકાય એમ નથી. કોરોનાકાળમાં જયારે સિનેમાગૃહો બંધ હતાં/છે ત્યારે ટી.વી.એ મનોરંજનની જવાબદારી સારી રીતે ઉપાડી હતી. વિવિધ ચેનલ્સ પર અવનવા કાર્યક્રમો, ડેઈલી શૉપ વગેરેને લીધે ઘરમાં કેદ થયેલો દર્શક કંટાળાથી બચી શક્યો હતો. ટી.વી.એ સિનેમાનો વિકલ્પ નથી, એ વાત સ્વીકારી